



# જીવનમાં આવતા અવરોધો દૂર કરીને ઝડપથી સુખી થવા કારતક મહિનામાં પિતૃશાંતિ અવશ્ય કરાવો

# દેવતાઓને ખુશ કરવા દેવદિવાળી પર સાત દીવા પ્રગટાવવાનો ઉપાય



**આ દિવસે દેવલોકથી બધાં દેવી-દેવતાઓ દિવાળી ઊજવવા પૃથ્વી પર ઊતરી આવે છે. મહાદેવની નગરી કાશીમાં દેવદિવાળીમાં ગંગા તટ પર લાખોની સંખ્યામાં દીવા પ્રગટાવવામાં આવે છે!**

**જડીબુટ્ટી**

**નજુમી**

દેવદિવાળી પર દેવતા ધરતી પર ઊતરે છે અને દિવાળી પર્વ ઉજવે છે. આ પર્વ પર દીવો પ્રગટાવવાનો એક ઉપાય કરવામાં આવે તો દેવતા પ્રસન્ન/ ખુશ થઈને આશીર્વાદ આપશે જ. સાથે સાથે જ મા લક્ષ્મીજી પણ ખુશ થઈને ઘરમાં સુખ અને ધનનો સંચાર કરશે.

**કઇ જગ્યાએ દીવા પ્રગટાવવા?**

દેવદિવાળી પર સાંજના સમયે 'પ્રદોષ કાળ'માં પૂજા-અર્ચના કરવામાં આવે છે. આ દિવસે મા લક્ષ્મીજીની અને શ્રી હરિ વિષ્ણુજી તેમ જ મા પાર્વતી અને શિવજીની પૂજા કરવામાં આવે છે. આ પર્વ પર ભગવાન દિવાળી ઊજવવા ધરતી પર આવે છે. પૂજા પાઠ કર્યા બાદ 7 જગ્યા પર દીવા પ્રગટાવવા. આમ કરવાથી સુખ સમૃદ્ધિ જળવાઈ રહેશે. દેવતા પ્રસન્ન થશે અને ઘરમાં મા લક્ષ્મીજી સ્થિર રૂપે વાસ કરશે.

**દીવા કેવી રીતે પ્રગટાવવા?**

ઘીના સાત દીવા થાળીમાં રાખવા. તેની સાથે સાત ફૂલ પણ રાખવાં. ત્યાર બાદ આ બધા દીવાને સાત જગ્યાએ રાખવા અને સાથે સાથે એક એક ફૂલ પણ રાખવું જોઈએ. સૌથી પહેલાં એક દીવો ભગવાન શિવના મંદિરની ચોખટ પર મૂકી આવવો અને સાથે ફૂલ મૂકવું. ત્યાર બાદ ભગવાન વિષ્ણુના મંદિરની ચોખટ પર એક દીવો અને સાથે ફૂલ મૂકવું.

ત્રીજો દીવો બિલીપત્રના વૃક્ષ નીચે એક દીવો અને ફૂલ મૂકવું.

ચોથો દીવો પીપળાના વૃક્ષ નીચે એક દીવો અને ફૂલ મૂકવું.

પાંચમો દીવો આંબળાનાં વૃક્ષ નીચે એક દીવો અને ફૂલ મૂકવું.

છઠ્ઠો દીવો સંધ્યાના સમયે એક દીવો ઘરના મુખ્ય દ્વારની ચોખટ પર મૂકવો અને ફૂલ મૂકવાં.

સાતમો દીવો પવિત્ર નદીમાં પ્રવાહિત કરવો અથવા ઘરમાં પાણી રાખતા હોય તે જગ્યાએ એક દીવો મૂકવો અને ફૂલ મૂકવું.

ધ્યાન રાખવાનું કે, આ 7 જગ્યા પર એક-એક દીવો રાખવો. તેની સાથે જ ભગવાનને મનમાં ને મનમાં પ્રાર્થના કરતાં રહેવું કે, મારી જે પણ મનોકામના છે તે પૂરી થાય અને પૈસાની તંગી દૂર થઈ જાય.

દેવદિવાળીના દિવસે જે પણ વ્યક્તિ સાચા મનથી 7 દીવા ચોક્કસ જગ્યા પર પ્રગટાવે તો તેને દેવો લક્ષ્મીજી પણ પ્રસન્ન થાય છે. આવા ઘરમાં તેઓ સ્થિર રૂપે વાસ કરે છે.



**તા. 6 નવેમ્બરથી તા. 20 નવેમ્બર સુધી પિતૃપક્ષ છે**

**યંત્ર-મંત્ર-તંત્ર**

**યજ્ઞેશ ત્રિવેદી**

તા. 6-11-2025 કારતક વદ પડવો (એકમ), ગુરુવારથી 'કારતક મહિનાનો પિતૃપક્ષ' શરૂ થશે. જે તા. 20 નવેમ્બર 2025, કારતક વદ અમાસને ગુરુવારે જ પૂરો થશે એમ તો કારતક અને માગશર શ્રી હરિ વિષ્ણુ ભગવાનનો જ મહિનો ગણાય તેથી જો આ સમયમાં પિતૃદોષની વિધિ કરવામાં આવે તો ઝડપથી ફળ મળે છે.

ધાર્મિક રીતે શ્રદ્ધા અને તર્પણ કરવાથી પૂર્વજોનાં પાપો દૂર થાય છે અને તેમને સંતોષ અને મુક્તિ મળે છે. બીજી તરફ ખુશ થઈને પિતૃના આશીર્વાદ મળે છે. જીવનમાં જો સુખ ઈચ્છતા હો તો કારતક-માગશરમાં પિતૃઓનું તર્પણ, પિંડદાન વગેરે વિધિ કરાવવી જોઈએ. વિષ્ણુપુરાણ અનુસાર પૂર્વજોનું શ્રાદ્ધ પૂર્ણ ભક્તિ સાથે કરવાથી તેમને મોક્ષ મળે છે.

પિતૃદોષ કેવી રીતે લાગે છે?

કારતક, માગશર, ચૈત્ર, ભાદરવામાં કૃષ્ણ પક્ષમાં આવતા પિતૃપક્ષ દરમિયાન ઘરના રસોડામાં માંસ, માછલી, લસણ, ડુંગળી, મસૂર વગેરે પણ ભૂલ્યા વગર ન બનાવવું. આમ કરવાથી પિતૃદેવ ક્રોધિત થાય અને પિતૃદોષ લાગે છે. આ દૂર કરવા માટે 'પિતૃતર્પણ' કરવું પરંતુ તેમણે શરીરમાં સાબુ અને તેલનો ઉપયોગ ન કરવો જોઈએ. પિતૃ પક્ષ દરમિયાન નવાં વસ્ત્રો, જમીન, મકાન સહિત તમામ પ્રકારનાં શુભ કાર્ય પર પ્રતિબંધ છે. કોઈ પણ શુભ કાર્ય કરવાનું ટાળો.

પિતૃઓ કોને કહેવાય?

એવા વ્યક્તિ જે આ ધરતી ઉપર જન્મ લીધા પછી જીવિત રહેતા નથી. તેમને 'પિતૃઓ' કહેવામાં આવે છે. આ વ્યક્તિ- કુંવારી હોય કે પરિણીત, બાળક હોય કે વૃદ્ધ, સ્ત્રી કે પુરુષ જેઓનું મૃત્યુ થઈ ગયું હોય છે - તો તેમને પણ 'પિતૃ' કહેવામાં આવે છે. આ પિતૃઓને આત્માની શાંતિ માટે પિતૃ પક્ષમાં તેમને તર્પણ કરવામાં આવે છે.



પિતૃ શ્રાદ્ધનું કાર્ય કોઈ વિદ્વાન બ્રાહ્મણ દ્વારા કરાવવું જોઈએ. બપોરના સમયે પૂજા કરવી જોઈએ.

તર્પણઃ બ્રાહ્મણની મદદથી મંત્રોચ્ચાર સાથે પૂજા કર્યા બાદ પાણીથી તર્પણ કરવું જોઈએ.

પિંડદાન, બ્રહ્મભોજન વગેરે પદ્ધતિસર કરવાથી પિતૃ શાંતિ અવશ્ય થાય છે.

જીવનમાં ઉન્નતિ, પ્રગતિ કરવી હોય, સતત અવરોધ દૂર કરવા હોય તો પિતૃશાંતિ એક વાર કરાવવાથી ઝડપથી સો ટકા રિઝલ્ટ મળે છે, તેથી હાથ-પગ જોડીને બેસી રહેવું તેના કરતાં ઉપાય કરવાથી પરિણામ મળે છે. કારતક મહિનામાં તક ઝડપશો.

## એવી અનેક સમસ્યાઓ છે, જેનો ઉપાય સમજમાં નથી આવતો તે સમાધાન છેઃ

# સિદ્ધ શ્રી અક્ષય લક્ષ્મી કવચ




**દરેક વ્યક્તિ બીજાનાં સુખથી દુઃખી છે... પરંતુ તેના પોતાનાં સુખ તુચ્છઃ અને બીજાંનાં સુખ મહાન દેખાય છે**

**સમસ્યા અને સમાધાન**

**વાય.જે.ટી.**

આજનો યુગ 'અર્થપ્રધાન યુગ' છે. અર્થની આવશ્યકતા સર્વોપરિ છે.

ધન વિના જીવનનું કોઈ મૂલ્ય રહેતું નથી.

આર્થિક સુખ-સમૃદ્ધિની ઈચ્છા પ્રબળ થાય છે. પરંતુ ધનવાન બનવા માટે બધા પ્રયાસ નિરર્થક થઈ જાય છે. બીજી તરફ જોઈએ તો દુર્બળ માનસિકતાનો દરેક વ્યક્તિ બીજાનાં સુખથી દુઃખી છે. તેના પરિણામ સ્વરૂપ ભાઈ-ભાઈથી ઈર્ષ્યા, વેર-વિરોધ, અડોશ-પડોશથી લડાઈ-ઝઘડો, સાથી કર્મચારીઓથી આગળ નીકળવાની હોડમાં જ સમય પસાર થઈ રહ્યો હોય...

સાધારણ પરિવારમાં આવક ઓછી અને ખર્ચ વધારે, ભૌતિકતાની ઈચ્છા, ઐશ્વર્ય આરામની વસ્તુઓની ઈચ્છા તથા ભણેલાંગણેલાં હોવા છતાં બેકાર રહેવાના કારણે પણ સામાન્ય રીતે મોટા ભાગે વ્યક્તિ તનાવગ્રસ્ત હોય છે.

જો વ્યક્તિ સમાજમાં રહેતો હોય તો તે પોતાના મન અનુસાર કાર્ય કે વેપાર કરવા માટે સ્વતંત્ર નથી. કેટલીક વાર તેને સાચા-જૂઠાનો સહારો પણ વેપારની ઉન્નતિ માટે લેવો પડે છે. કયારેક કયારેય તેને રાજય તરફથી વિઘ્નો, અડચણો પણ ઊભાં થાય છે! આ અડચણો વેપારમાં રુકાવટ... નોકરી કરનારને પદોન્નતિમાં રુકાવટ કે હરીફાઈ થઈ શકે છે. આવી અનેક સમસ્યાઓ છે - જેનો ઉપાય સમજમાં નથી આવતો.

આ સમસ્યાઓનું સમાધાન ગુરુજીએ શોધી કાઢયું છે તે સમાધાન છે- 'અક્ષય લક્ષ્મી સાધના'.

શાસ્ત્રોમાં કહેવાયું છે, કે, જો કોઈ સાધક 'અક્ષય' (જેનો કયારેય ક્ષય થતો નથી) લક્ષ્મી સાધના'ને સિદ્ધ કરી લે તો તે સર્વગુણસંપન્ન થઈ જાય છે. પરંતુ આજના આ ભાગદોડના યુગમાં સિદ્ધિ પ્રાપ્ત કરવાનો સમય પૂજા-ઉપાસના કરવાનો સમય કોની પાસે છે? 'સિદ્ધ શ્રી અક્ષય લક્ષ્મી કવચ' ની સાધના એક જટિલ પ્રક્રિયા પણ છે. આ સાધના દિવાળીની રાત્રે સિદ્ધ મુહૂર્ત'માં જ કરવામાં આવે છે.આ દિવાલીમાં ગુરુજીએ આ સાધના સંપન્ન કરી હતી અને પોતાના વિશેષ શિષ્યો માટે 'અક્ષય લક્ષ્મી કવચ' સિદ્ધ કર્યું છે. વિશેષ શિષ્યો માટે 'અક્ષય લક્ષ્મી કવચ' સિદ્ધિ કર્યું છે. આ સિદ્ધ કવચ સાધક/શિષ્યને ફકત 'સર્વાર્થ સિદ્ધિ મુહૂર્ત'ના દિવસે ગળામાં ધારણ કરવાનું હોય છે.

આ કવચના પ્રભાવથી આશ્ચર્યજનક રીતે સાધકની આત્મશક્તિ તથા સંકલ્પશક્તિનો વિકાસ થવા લાગે છે. પરિણામસ્વરૂપ લક્ષ્મીજીની કૃપા થઈને ઉપરોકત બધી સમસ્યાઓ દૂર થવા લાગે છે. કારણ કે લક્ષ્મી સૌભાગ્યદાયિની દેવી છે. તેની કૃપાથી સાધારણ મનુષ્યનો પણ આશ્ચર્યજનક રીતે જ વિકાસ થવા લાગે છે અને જો કોઈ સાધક કે શિષ્ય 'સિદ્ધ શ્રી અક્ષય લક્ષ્મી કવચ' ધારણ કરે છે તો તે સુખ-સૌભાગ્ય અને સંપન્નતા પ્રાપ્ત કરવાની દિશામાં અગ્રેસર થવા લાગે છે. તેને આઠેય દિશાઓમાં યશ અને સન્માન પ્રાપ્ત થવા લાગે છે.

# દેવદિવાળી પર 'ભદ્રાવાસ' અને 'શિવવાસ' જેવા મંગળકારક યોગ બને છે




**કાળચક્ર**

**યજ્ઞાનંદ**

ભગવાન શ્રી હરિ વિષ્ણુજી અને માતા લક્ષ્મીજી તેમ જ શિવ-પાર્વતીની પૂજા કરવાથી મન-ઈચ્છિત ફળ મળે છે મનોકામનાઓ પૂરી થાય છે. સુખ-સૌભાગ્ય વધે છે! જેઓને બધાં જ પ્રકારનાં સુખ પ્રાપ્ત કરવાં છે તેઓ આ દિવસે જાણકાર પાસે પુરુષ સૂકત, શ્રી સૂકત તેમ જ શિવમંત્રોથી અભિષેક કરી લાભ લઈને ઝડપથી સુખી થઈ શકે છે! 5 નવેમ્બરે કારતક પૂનમ પર દેવદિવાળી ઉજવાશે. આ દિવસે શ્રદ્ધાળુ ગંગા જેવી પવિત્ર નદીઓમાં સ્નાન કરીને ભગવાન શિવ અને વિષ્ણુની પૂજા કરે છે. સાથે જ સંધ્યાકાળે દીપદાન અને આરતી કરવામાં આવે છે. આ વર્ષે દેવદિવાળી પર 'ભદ્રાવાસ' અને 'શિવવાસ' જેવા કેટલાયે મંગળકારક યોગ બને છે. જે દરમિયાન પૂજા કરવાથી મન- ઈચ્છિત ફળ મળે છે. સુખ સૌભાગ્યમાં વધારો થાય છે અને બધી જ મનોકામનાઓ પૂરી થાય છે.

આ શુભ અવસર પર મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ગંગા જેવી પવિત્ર નદીઓમાં આસ્થાની ડૂબકી લગાવે છે ત્યાર બાદ ભક્તિભાવથી શિવ અને વિષ્ણુજીની પૂજા કરે છે.

**દેવદિવાળી મુહૂર્ત**

04 નવેમ્બરે મોડી રાત્રે 10 વાગ્યા ને 36 મિનિટ પર કારતક પૂનમ શરૂ થશે, જે 05 નવેમ્બરે સાંજે 06 વાગ્યા ને 48 મિનિટ પર કારતક પૂનમની તિથિ પૂરી થશે. ઉદયા તિથિની ગણતરી મુજબ 05 નવેમ્બર જ 'કારતક પૂનમ' ઊજવાશે. દેવદિવાળીએ પૂજાનો અને આરતીનો સમય સંધ્યાકાળે 05 વાગ્યા ને 15 મિનિટથી માંડીને 07વાગ્યા ને 50 મિનિટ સુધી છે.

**ભદ્રાવાસ યોગ**

દેવદિવાળી પર ભદ્રાવાસ યોગ સવારે 08 વાગ્યા ને 44 મિનિટ સુધી છે. આ સમય સુધી ભદ્રા-સ્વર્ગલોકમાં રહેશે. શાસ્ત્રોમાં જણાવ્યું છે કે, 'ભદ્રા' પાતાળ અને સ્વર્ગ લોકમાં રહે તે દરમિયાન પૃથ્વી પર ઉપસ્થિત લોકોનું કલ્યાણ થાય છે.

**જયોતિષ ભદ્રાવાસ યોગને શુભ માને છે.**

આ યોગમાં ભગવાન શિવની પૂજા કરવાથી સાધકને સુખ અને સૌભાગ્યમાં વૃદ્ધિ થાય છે. સાથે જ બધાં પ્રકારનાં દુઃખ તેમ જ સંકટ દૂર થઈ જાય છે.

**શિવવાસ યોગ**

જયોતિષની દૃષ્ટિએ દેવદિવાળી પર શિવવાસ યોગનો મંગળકારક સંયોગ બની રહ્યો છે.આ યોગનું નિર્માણ સાંજે 06 વાગ્યા ને 48 મિનિટથી શરૂ થઈ રહ્યું છે.આ યોગમાં શિવ-શક્તિની પૂજા કરવાથી સાધકની દરેક મનોકામનાઓ પૂરી થાય છે. સાથે જ ઘરમાં સુખ, સમૃદ્ધિ તેમ જ ખુશી આવે છે.

**કરણ**

દેવદિવાળી પર 'બવ કરણ'નો પણ સંયોગ છે. આ કરણનો સંયોગ સંધ્યાકાળે 08 વાગ્યા ને 44 મિનિટ સુધી છે. ત્યાર બાદ 'બાલવ કરણ'નો યોગ છે. આ યોગમાં શિવ-શક્તિની પૂજા કરવાથી સકળ મનોરથ સિદ્ધ થાય છે.

કારતક પૂનમનું હિંદુ ધર્મમાં વિશેષ સ્થાન છે. તેને હિંદુ વર્ષની મુખ્ય અને સૌથી મોટી પૂર્ણિમા તિથિઓમાંથી એક માનવામાં આવે છે. આ દિવસથી કારતકનો પવિત્ર અને ઘણો જ મહત્ત્વપૂર્ણ મહિનો સમાપ્ત થાય છે. 'કારતક પૂર્ણિમાના દિવસે કેટલાંક મુખ્ય અનુષ્ઠાન કરવામાં આવે છે અને તેને કેટલાંય નામોથી ઓળખવામાં આવે છે. આ દિવસને 'ત્રિપુરારિ પૂર્ણિમા' પણ કહે છે, કારણ કે આ દિવસે ભગવાન વિષ્ણુની સાથે દેવાધિદેવ ભગવાન શિવજીની પણ પૂજા કરવામાં આવે છે. જયારે તે કૃતિકા નક્ષત્ર'માં આવે છે ત્યારે આ તહેવારનું મહત્ત્વ ઘણું વધી જાય છે. એટલા માટે તે 'મહાકાર્તિક' પણ કહેવાય છે. આ સિવાય ગંગા સ્નાનનું પણ મહત્ત્વ છે. આ જ કારણે આ દિવસને દેવદિવાળી તરીકે ઉજવાય છે.

કારતક પૂનમના દિવસે શીખોના પહેલા ધર્મગુરુ ગુરુનાનક દેવજીનો જન્મ થયો હતો એટલા માટે આ દિવસે ગુરુનાનક જયંતી પર પ્રકાશ પર્વ ઊજવાય છે.

**ગંગાસ્નાન અને પૂજાનું શુભ મુહૂર્ત**

ગંગાસ્નાન મુહૂર્તઃ સવારે 04:52 વાગ્યાથી સવારે 5.44 સુધી.

**પૂજાનુંમુહૂર્ત :**સવારે07:58વાગ્યાથીસવારે9.20સુધી.

પ્રદોષકાળ દેવદિવાળી મુહૂર્તઃ સાંજે 05:15 વાગ્યાથી રાત્રે 07:05 વાગ્યા સુધી.

**ચંદ્રોદયઃ** સાંજે 5:11 વાગ્યે થશે.

**ત્રિપુરારિની પૂજા**

લક્ષ્મી-નારાયણ અને ભગવાન શિવની પૂજા કરવામાં આવે છે. આ દિવસે ભગવાન શિવજીએ ત્રિપુરાસુર રાક્ષસ પર વિજય પ્રાપ્ત કર્યો હતો. એક અન્ય પૌરાણિક કથા અનુસાર ભગવાન વિષ્ણુએ આ દિવસે પોતાનો પહેલો 'મત્સ્ય અવતાર' લીધો હતો.

અમાસની દિવાળી ઊજવવામાં આવે છે. બરાબર 15 દિવસ બાદ ફરીથી એક વાર દિવાળીના દીવા પ્રગટાવવામાં આવશે. ફરક ફકત એટલો જ હોય છે કે આ દિવાળી આમ લોકોની નહીં પરંતુ દેવી-દેવતાઓની હોય છે. આ દિવસે દેવલોકથી બધાં દેવી-દેવતાઓ દિવાળી ઉજવવા પૃથ્વી પર ઊતરી આવે છે. દેવોના દેવ મહાદેવની નગર-કાશીમાં આ દિવસે ગંગા તટ પર લાખોની સંખ્યામાં દીવા પ્રગટાવવામાં આવે છે. કેટલાંક લોકો ભગવાન વિષ્ણુને ચિરનિદ્રામાંથી ઊઠયા પછી લક્ષ્મી અને નારાયણની એક સાથે પૂજા કરવી તે પણ શુભ માનવામાં આવે છે.

